| | | |
|---|---|---|
| દાખલ તારીખ | : | ૧૬–૧૧–૨૦૨૪ |
| રજી. નોધ્યા તારીખ | : | ૧૬–૧૧–૨૦૨૪ |
| ચુકાદો જાહેર થયા તારીખ | : | ૨૨–૦૭–૨૦૨૬ |
| સમગગાળો | : | વર્ષ માસ દિવસ |
| | | ૦૧ ૦૮ ૦૬ |

# FORM–A

IN THE COURT OF ADDL.CHIEF JUDICIAL MAGISTRATE
COURT NAVSARI,
Presided over by P.K.RAI

| | | |
|---|---|---|
| ફોજદારી કેસ નં. | **૭૬૨૫/૨૦૨૪** | **આંક–૨૭** |

| | |
|---|---|
| પોલીસ સ્ટેશન | નવસારી રૂરલ પોલીસ સ્ટેશન |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | પાર્ટ–એ ગુ.રજી.નં.૧૧૮૨૨૦૨૧૨૪૧૭૪૩/૨૦૨૪ |
| ગુનાની કલમ | બી.એન.એસ. કલમ–૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪, ૧૧૭(૨) તથા જી.પી.એકટ–૧૩૫ મુજબ |

| | |
|---|---|
| ફરિયાદી | શ્રી સરકાર |
| ફરિયાદપક્ષે | વિ. એ. પી. પી.શ્રી. જે. યુ. યાદવ |
| | |
| આરોપી | ૧. ધર્મેશકુમાર મનહરલાલ મિસ્ત્રી (એબેટ)<br>૨. અગ્નિપ્રતાપસિંગ પ્રેમસિંગ સિશોદીયા<br>ઉ.વ.૩૫, ધંધો–વેપાર<br>૩. ક્રિષ્નાસિંગ પ્રેમસિંગ સિશોદીયા<br>ઉ.વ.૩૪, ધંધો–વેપાર<br>આ.નં.૨ અને ૩ રહે.બી/૪ કંટ્રી રીસોર્ટ, મદારીયા ભવનની બાજુમાં, ધારાગીરી, તા.જી. નવસારી. |
| આરોપી તરફે | વિ.વ.શ્રી એ. આર. પઠાણ |

## FORM–B

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૫/૧૦/૨૦૨૪ |
| પ્રથમ માહિતી અહેવાલ તારીખ | ૧૫/૧૦/૨૦૨૪ |
| આખરી અહેવાલ તારીખ | ૧૬/૧૧/૨૦૨૪ |
| તહોમતનામાની તારીખ | ૦૧/૦૭/૨૦૨૬ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | ૦૧/૦૭/૨૦૨૬ |
| ચુકાદા માટે મુલત્વી રાખ્યા તારીખ | ૨૨/૦૭/૨૦૨૬ |
| ચુકાદો જાહેર થયા તારીખ | ૨૨/૦૭/૨૦૨૬ |
| આખરી હુકમ | આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકયા |

## FORM–C

| આરોપીઓની વિગત | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| અ.નં. | આરોપીનું નામ | ધરપકડ તારીખ | જામીન મુકત તારીખ | તહોમત | નિર્દોષ છોડયા કે સજા | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમય ગાળો ફો.કા.સંહિતા કલમ–૪૨૮ મુજબ |
| ૧ | ધર્મેશકુમાર મનહરલાલ મિસ્ત્રી | **(એબેટ)** | – | બી.એન.એસ. કલમ – ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪,૧૧૭(૨) તથા જી.પી.એકટ–૧૩૫ મુજબ | નિર્દોષ છોડયા | – | – |
| ૨ | અગ્નિ–પ્રતાપ સિંગ પ્રેમસિંગ સિશોદીયા | ૧૮/૧૦/૨૪ | ૧૮/૧૦/૨૪ | | નિર્દોષ છોડયા | – | – |
| ૩ | ક્રિષ્નાસિંગ પ્રેમસિંગ સિશોદીયા | ૧૮/૧૦/૨૪ | ૧૮/૧૦/૨૪ | | નિર્દોષ છોડયા | | |

## FORM–D

## ફરિયાદપક્ષ/બચાવપક્ષ/અદાલતપક્ષના સાક્ષીઓની યાદી

### (અ) ફરિયાદપક્ષના સાક્ષીઓની યાદી

| અનુક્રમ | સાહેદનું નામ | આંક | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| PW-1 | નૈનેશભાઈ મોરારભાઈ નાયકા | ૧૭ | ફરિયાદી |
| PW-2 | સુનિલભાઈ અબ્બાજી વણઝારા | ૧૯ | સાહેદ |

(બ) બચાવપક્ષના સાક્ષીઓની યાદી

| અનુક્રમ | સાહેદનું નામ | આંક | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| DW-1 | – | – | – |

(ક) કોર્ટ સાક્ષીઓની યાદી

| અનુક્રમ | સાહેદનું નામ | આંક | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| CW-1 | – | – | – |

<u>ફરિયાદપક્ષ/બચાવપક્ષ/અદાલતાના દસ્તાવેજોના આંકની યાદી</u>

(અ) ફરિયાદપક્ષે રજુ દસ્તાવેજોના આંકની યાદી

| અનુક્રમ | આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | PD-18 | ફરિયાદ |
| ૨ | PD-20 | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૩ | PD-21 | આરોપીનું અટક પંચનામું |
| ૪ | PD-22 | આરોપીનું અટક પંચનામું |
| ૫ | PD-23 TO 25 | મેડીકલ સર્ટીફીકેટ |

(અ) બચાવપક્ષે રજુ દસ્તાવેજોના આંકની યાદી

| અનુક્રમ | દસ્તાવેજનો આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | – | – |

(ક) અદાલતના દસ્તાવેજોના આંકની યાદી

| અનુક્રમ | દસ્તાવેજનો આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | – | – |

(ડ) ભૌતિક પદાર્થ

| અનુક્રમ | ભૌતિક પદાર્થની યાદી | વર્ણન |
|---|---|---|
| ૧ | – | – |

## -: ચુ કા દો :-

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંક વિગત એવી છે કે, આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારી કરી તા.૧૫/૧૦/૨૦૨૪ ના રોજ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે મોજે. કંટ્રી રીસોર્ટ, મદારીયા ભવનની બાજુમાં, ધારાગીરી, તા.જી. નવસારી ખાતે ફરિયાદી તથા સાહેદોને એ/૧, કંટ્રી રીસોર્ટ બંગલાના કબજા બાબતે ઝઘડો કરી આરોપી અગ્નિપ્રતાપસિંગ નાઓ હાથમાં લાકડુ લઈ આવેલ અને સાહેદ સુનીલ ઉર્ફે સુનીલભાઈ ઉર્ફે અછલાજી અબ્બાજી વણઝારાનાઓને માથામાં ફટકો મારી અને શરીરે ઢીકાપાટુનો માર મારી તથા ફરિયાદીને ઢીકાપાટુનો માર મારી ગંદી ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી, મહે. કલેકટર સાહેબશ્રી, નવસારીના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ હોય, ફરિયાદીએ વિજલપોર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ જાહેર કરેલ.

(૨) ઉપરોક્ત ફરિયાદ અન્વયે નવસારી રૂરલ પોલીસ સ્ટેશન પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૮૨૨૦૨૧૨૪૧૭૪૩/૨૦૨૪, બી. એન.એસ. કલમ-૧૧૫ (૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪, ૧૧૭(૨) તથા જી.પી.એકટ-૧૩૫ અન્વયેનો ગુનો નોંધી આગળની તપાસ કરી તપાસના અંતે બી. એન. એસ. એસ.ની કલમ-૧૯૩ અન્વયે હાલના આરોપીઓ સામે ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરતા ઉપરોકત નંબરથી ફોજદારી કેસ રજીસ્ટરે નોંધી લઈ આરોપીઓ સામે સમન્સ કાઢવામાં આવેલ છે.

(૩) આરોપીઓને સમન્સની બજવણી થતા આરોપીઓ હાજર થતા તેમને બી. એન. એસ.એસ ની કલમ-૨૩૦ અન્વયે નકલો આપવામાં આવેલ અને તે બાદ આંક-૧૩ થી તહોમતનામું ફરમારી આંક-૧૪ તથા

આંક–૧૫ થી આરોપીઓની પ્લી રેકર્ડ કરવામાં આવેલ તેમાં આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતા તેઓની સામે આક્ષેપીત ગુનાની ટ્રાયલ ચલાવવામાં આવેલ અને ફરિયાદપક્ષનો પુરાવો રેકર્ડ કરવામાં આવેલ.

(૪) ઉપરોકત પુરાવો નોંધાયા બાદ ફરિયાદપક્ષે આંક–૨૬ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા નથી તેવી રજુઆત કરતા તે મુજબ ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ ત્યારબાદ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોય આ કામે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ બંને પક્ષના વિ.વ.શ્રીની મૌખિક દલીલ સાંભળેલ છે.

(૫) ઉપરોકત હકીકતે આ કેસના આખરી ન્યાયીક નિર્ણય અર્થે અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**::– મુ દ્દા ઓ –::**

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારી કરી તા.૧૫/૧૦/૨૦૨૪ ના રોજ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે મોજે. કંટ્રી રીસોર્ટ, મદારીયા ભવનની બાજુમાં, ધારાગીરી, તા.જી. નવસારી ખાતે ફરિયાદી તથા સાહેદોને એ/૧, કંટ્રી રીસોર્ટ બંગલાના કબજા બાબતે ઝઘડો કરી આરોપી અગ્નિપ્રતાપ સિંગ નાઓ હાથમાં લાકડુ લઈ આવેલ અને સાહેદ સુનીલ ઉર્ફે સુનીલભાઈ ઉર્ફે અછલાજી અબ્બાજી વણઝારાનાઓને માથામાં ફટકો મારી અને શરીરે ઢીકાપાટુનો માર મારી તથા ફરિયાદીને ઢીકાપાટુનો માર મારી ગંદી ગાળો

આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી, મહે. કલેકટર સાહેબશ્રી, નવસારીના જાહેરનામાનો ભંગ કરી બી. એન. એસ ની કલમ–૧૧૫ (૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪, ૧૧૭ (૨) તથા જી.પી.એકટ–૧૩૫ મુજબનો ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૬) ઉપરોકત મુદ્દા અંગેના અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.**

(૧) મુદ્દા નંબર –૧, નકારમાં

(૨) મુદ્દા નંબર –૨ , આખરી હુકમ મુજબ

**(૭) નિર્ણય અંગેના કારણોની ચર્ચા.**

અદાલતે ફોજદારી કેસના ન્યાયીક નિર્ણય માટે પુરાવાનું પૃથ્થકરણ તથા મુલ્યાંકન કરતી વખતે નામદાર સર્વોચ્ચ અદાલતના **કે. એમ. નાણાંવટી વિરુધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર, AIR 1962, SC,605 માં** રીપોર્ટ ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ નીચે મુજબના મુદ્દા અદાલતે ધ્યાને લેવા ના રહે છે.

(એ) ફરિયાદપક્ષે આરોપી પર મુકેલ આરોપ નિ:શંકપણે સાબિત કરવાના રહે છે.

(બી) સમગ્ર ટ્રાયલ દરમિયાન પુરાવાનો બોજો શરૂઆતથી અંત સુધી ફરિયાદપક્ષ ઉપર રહેલ છે.

(સી) આરોપીનું આક્ષેપવાળા કૃત્યમાં દુષિત માનસ હતુ તે હકીકત પણ ફરિયાદપક્ષે પુરવાર કરવાની રહે છે.

(ડી) અપવાદરૂપ સંજોગોનું અસ્તિત્વ ન હતુ તેવું અદાલતે અનુમાન કરવાનું રહે છે.

(ઈ) પોતાનું કૃત્ય સામાન્ય, વિશિષ્ટ અપવાદના વ્યાપ મુજબનું છે તે અથવા તો તેવા સંજોગોમાં અસ્તિત્વ હતુ તે સાબીત કરવાનો બોજો આરોપી ઉપર રહે છે.

(એફ) આરોપીએ સદર બોજો વહન કરવા જાતે જુબાની આપી છે કે બચાવમાં સાક્ષી તપાસ શકે છે અથવા ફરિયાદપક્ષે રજુ કરેલા પુરવા ઉપરથી પોતાના પરના આરોપોનું ખંડન કરતી હકીકતો કે શંકા ઉપજાવતા સંજોગોઆધારે પોતાનો બચાવ કરી શકે છે.

(જી) આરોપીએ પોતાના બચાવ સંભવિતાના બાહુતુલ્યના આધારે કરવાના રહે છે.

(૮) સદર કામે ઉપરોકત ચર્ચા મુજબ ફોજદારી કેસની કાર્યવાહી સમયે ફરિયાદપક્ષે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ મુજબ beyond reasonable doubt એટલે કે શંકાથી પર પોતાનો કેસ સાબિત કરવાનો રહે છે એટલે કે બીજા શબ્દોમાં કહીએ તો જયારે સીધો પુરાવો મળેલ ન હોય તો સાંયોગીક પુરાવાઓ એકબીજા સાથે સંકળાયેલ હોય તો જ આરોપી સામેનો ગુનો સાબિત થયેલો ગણાય અને તોજ આરોપીને સજા કરી શકાય, આરોપીએ તે માત્ર "Probebility & Possibility" એટલે કે સંભવિતતા અને શકયતા રેકર્ડ પર લાવવાની હોય છે સદરહુ કામે એ નોંધવાનું રહે છે કે, કાયદાનું કાયદાનું અર્થઘટન એટલે કે ખુલાસો કરતા સમયે સામેની વ્યકિત સમજી શકે તેવી રીતે જણાવવું જોઈએ અને તેવી ભાષામાં કહેવું જોઈએ એટલે કે, "inter foretarn at concordared lages legibus est. optimus inter foretandimous" કાયદાનું અર્થઘટન સુમેળ ભર્યા રીતે કરવાનું રહે છે.

(૯) ફરિયાદપક્ષે સાહેદ નં.૧ **ફરિયાદી નૈનેશકુમાર મોરારભાઈ નાયકા** તેઓની **આંક–૧૭** થી રજુ મૌખિક પુરાવાની સરતપાસમાં જણાવે છે કે, આશરે બે એક વર્ષ પહેલા તેઓ તથા તેમના મિત્ર સુનીલ વણઝારાનાઓ સાથે ધારાગીરી મુકામે એક બંગલાના ખરીદ વેચાણ બાબતે જવાનું થયેલુ. જે તે વખતે બંગલા ખાતે કેટલાક ઈસમો હાજર હતા તેમની સાથે મકાનની દલાલી બાબતે સામાન્ય બોલાચાલી થયેલી. તે સિવાય કશુ બનેલુ નહી. આ ઈસમો તેમની વિરુધ્ધ પોલીસ ફરિયાદ કરશે તેવી બીકે તેમણે આ ઈસમો વિરુધ્ધ પો.સ્ટે.માં ફરિયાદ આપેલી. તે સિવાય બીજુ કંઈ બનેલુ નહી. બનાવને બે વરસ ઉપરાંત થયેલહોય તેમની સાથે બોલાચાલીકરનાર ઈસમોને તેઓ ઓળખી શકે નહી. તેમને ફરિયાદ બતાવવામાં આવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવી ફરિયાદ આંક–૧૮ થી રજુ કરેલ છે. સદર સાહેદને વિ. એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને ત્યારબાદ ઉલટ તપાસ કરવામાં આવેલ તેમ છતા સદર સાહેદે ફરિયાદપક્ષની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

(૧૦) ફરિયાદપક્ષે સાહેદ નં.ર **સાહેદ સુનિલભાઈ ઉર્ફે અછલાજી અબ્બાજી વણઝારા** તેઓની **આંક–૧૯** થી રજુ મૌખિક પુરાવાની સરતપાસમાં જણાવે છે કે, આશરે બે એક વર્ષ પહેલા તેઓ તથા તેમના મિત્ર નૈનેશ નાયકાનાઓ સાથે ધારાગીરી મુકામે એક બંગલાના ખરીદ વેચાણ બાબતે જવાનું થયેલુ. જે તે વખતે બંગલા ખાતે કેટલાક ઈસમો હાજર હતા તેમની સાથે મકાનની દલાલી બાબતે સામાન્ય બોલાચાલી થયેલી. તે સિવાય કશુ બનેલુ નહી. આ ઈસમો તેમની વિરુધ્ધ પોલીસ ફરિયાદ કરશે તેવી બીકે નૈનેશકુમારે આ ઈસમો વિરુધ્ધ પો.સ્ટે.માં ફરિયાદ આપેલી. તે સિવાય બીજુ કંઈ બનેલુ નહી. બનાવને બે વરસ ઉપરાંત થયેલ હોય

તેમની સાથે બોલાચાલી કરનાર ઈસમોને તેઓ ઓળખી શકે નહી. તેમને ઘરમાં પડી જવાથી માથાના ભાગે ઈજા થયેલી. સદર સાહેદને વિ. એ.પી.પી.શ્રી ઘ્વારા ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને ત્યારબાદ ઉલટ તપાસ કરવામાં આવેલ તેમ છતા સદર સાહેદે ફરિયાદપક્ષની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

## -: <u>પુરાવાનું મુલ્યાંકન અને વિશ્લેષણ</u> :-

**(૧૧)** આ અંગે ફરિયાદપક્ષે રજુ મૌખિક પુરાવાની ચર્ચા કરીએ તો, આ કામે ફરિયાદ પક્ષે ફરિયાદી નૈનેશકુમાર મોરારભાઈ નાયકાની આંક-૧૭ ની જુબાની ઘ્યાને લેવામાં આવે તો તેમણે પોતાની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, આશરે બે એક વર્ષ પહેલા તેઓ તથા તેમના મિત્ર સુનીલ વણઝારાનાઓ સાથે ધારાગીરી મુકામે એક બંગલાના ખરીદ વેચાણ બાબતે જવાનું થયેલુ. જે તે વખતે બંગલા ખાતે કેટલાક ઈસમો હાજર હતા તેમની સાથે મકાનની દલાલી બાબતે સમાન્ય બોલાચાલી થયેલી. તે સિવાય કશુ બનેલુ નહી. આ ઈસમો તેમની વિરુઘ્ઘ પોલીસ ફરિયાદ કરશે તેવી બીકે તેમણે આ ઈસમો વિરુઘ્ઘ પો.સ્ટે.માં ફરિયાદ આપેલી. બનાવને બે વરસ ઉપરાંત થયેલ હોય તેમની સાથે બોલાચાલી કરનાર ઈસમોને તેઓ ઓળખી શકે નહી. સદર સાહેદે ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરેલ ન હોય તેમને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે.

**(૧૨)** આ કામે ઈજા પામનાર સાહેદ સુનિલભાઈ ઉર્ફે અછલાજી અબ્બાજી આંક-૧૯ ની જુબાની ઘ્યાને લેવામાં આવે તો તેમણે પોતાની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, આશરે બે એક વર્ષ પહેલા તેઓ તથા તેમના મિત્ર નૈનેશ નાયકાનાઓ સાથે ધારાગીરી મુકામે એક બંગલાના ખરીદ વેચાણ બાબતે જવાનું થયેલુ. જે તે વખતે બંગલા ખાતે કેટલાક ઈસમો હાજર

હતા તેમની સાથે મકાનની દલાલી બાબતે સામાન્ય બોલાચાલી થયેલી. તે સિવાય કશુ બનેલુ નહી. બનાવને બે વરસ ઉપરાંત થયેલ હોય તેમની સાથે બોલાચાલી કરનાર ઈસમોને તેઓ ઓળખી શકે નહી તેમજ તેમને ઘરમાં પડી જવાથી માથાના ભાગે ઈજા થયેલી. સદર સાહેદે પણ ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરેલ ન હોય તેમને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે.

(૧૩) આમ, ઉપરોકત ફરિયાદી તથા ઈજા પામનાર સાહેદ ફરિયાદપક્ષ ની હકીકતને સમર્થન આપેલ ન હોય તેમને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. આ કામે ઈજા પામનાર સાહેદ સુનિલભાઈ ઉર્ફે અછલાજી અબ્બાજી કે જેઓ ઈજા પામનાર સાહેદ હોવા છતા તેમણે પોતાની જુબાની આ કામના આરોપીઓ ધ્વારા તેમને લાકડાથી માથામાં ફટકો મારી અને શરીરે ઢીકાપાટુનો માર મારી તથા ફરિયાદીને ઢીકાપાટુનો માર મારી ગંદી ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવી કોઈ હકીકત સદર સાહેદોના પુરાવાથી ફલીત થતી નથી. વધુમાં ફરિયાદ પક્ષે આંક-૨૦ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું આંક-૨૧ તથા આંક-૨૨ થી આરોપીઓના અટક પંચનામા તથા આંક-૨૩ થી આંક-૨૫ ઈજા પામનાર સાહેદના મેડીકલ સર્ટીફીકેટ રજુ થયેલ છે. આ તમામ દસ્તાવેજો આરોપીપક્ષે કબુલ રાખેલ છે. આ તમામ કબુલ કરેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા સાહેદ સુનીલભાઈ ઉર્ફે અછલાજી અબ્બાજી વણઝારાનાઓને ઈજા થયેલ હોવાનું જણાય આવે છે. પરંતુ સદર ઈજા પામનાર સાહેદે પોતાની જુબાનીમાં તેવી કોઈ હકીકત જણાવેલ ન હોય આરોપીઓને હાલના ગુના સાથે સાંકળી શકાય તેમ નથી. આમ, સદર તમામ રજુ દસ્તાવેજી પુરાવા કે જે સમર્થનકારી પુરાવા છે તે પુરાવાને જયારે અન્ય પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતુ ન હોય તો તેવા સમર્થનકારી પુરાવા કબુલ કરવા માત્રથી આરોપીઓએ ફરિયાદી

ઢીકામુકીનો માર મારી તથા ઈજા પામનાર સાહેદને લાકડાના ફટકા તથા ગળદા પાટુનો માર મારી, ગંદી ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તે હકીકત માની શકાય નહિ. આમ, ફરિયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે, તેવુ આ અદાલતનું માનવુ છે. જેથી મુદ્દા નંબર–૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નંબર–૨ લગત નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) આથી બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧ અન્વયે અદાલત ને પ્રાપ્ત સત્તા મુજબ આ કામના આરોપી નં.(૨) અગ્નિપ્રતાપસિંગ પ્રેમસિંગ સિશોદીયા તથા આરોપી નં. (૩) ક્રિષ્નાસિંગ પ્રેમસિંગ સિશોદીયાનાઓને ભારતીય દંડ સંહિતા ની કલમ–૧૧૫ (૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪, ૧૧૭ (૨) તથા જી.પી.એકટ–૧૩૫ મુજબ ના શિક્ષાપાત્ર ગુનાના આક્ષેપમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) આ કામે આરોપીઓએ આપેલ જામીન ખત રદ કરવામાં આવે છે.

(૩) પ્રત્યેક આરોપીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૮૧ મુજબ અપીલ સમદ દરમિયાનના રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) ના જાતજામીન રજુ કરવા.

(૪) પોલીસ ધ્વારા કબજે કરેલ મુદ્દામાલ વાંસનું બાંબુનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૨૨ મી જુલાઈ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ–૨૨/૭/૨૦૨૬

**(પ્રભાકર કૃષ્ણકાંત રાય)**
એડીશનલ ચીફ જયુડિશ્યિલ મેજીસ્ટ્રેટ,
નવસારી. GJ01112